# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 04-12-2025** **EVENING: 7.50 TO 8.00**
**Day : THURSDAY** **National News**

આકાશવાણી સમાચાર ચૈતાલી જોષી વાંચે છે.

**************************************************

1) રશિયાના રાષ્ટ્રપ્રમુખ વ્લાદિમીર પુતિન 23મા ભારત-રશિયા વાર્ષિક શિખર સંમેલન માટે નવી દિલ્હી પહોંચ્યા.

2) સંરક્ષણ મંત્રી રાજનાથ સિંઘે રશિયાને ભારતનું સમય પરિક્ષિત વિશેષ અને વ્યૂહાત્મક ભાગીદાર ગણાવ્યું.

3) સંસદમાં કેન્દ્રીય આબકારી જકાત સુધારા ખરડો, 2025 પસાર.

4) સર્વોચ્ચ અદાલતે SIRની કામગીરીમાં રોકાયેલા BLO પર કામનો ભાર ઓછો કરવા નિર્દેશો જાહેર કર્યા.

5) આગામી ત્રણ દિવસ સુધી રાજસ્થાન, પંજાબ, ચંદીગઢ, હરિયાણા અને દિલ્હીમાં શીતલહેરની આગાહી

.........................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ આવતીકાલે સવારે સાત વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો)

# RUSSIAN PREZ VISIT

રશિયાના રાષ્ટ્રપ્રમુખ વ્લાદિમીર પુતિન 23મા ભારત-રશિયા વાર્ષિક શિખર સંમેલન માટે નવી દિલ્હી પહોંચ્યા. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ તેમનું હવાઈમથક પર સ્વાગત કર્યું હતું. રાષ્ટ્રપ્રમુખ પુતિન આવતીકાલે પ્રધાનમંત્રી મોદી સાથે વાતચીત કરશે. બંને નેતાઓ પરસ્પર હિતના પ્રાદેશિક અને વૈશ્વિક મુદ્દાઓ પર વિચારોનું આદાન-પ્રદાન કરશે. વેપાર, અર્થતંત્ર, આરોગ્યસંભાળ, શિક્ષણશાસ્ત્ર, સંસ્કૃતિ અને મીડિયા સંબંધિત ક્ષેત્રો સહિત અનેક કરારો પર હસ્તાક્ષર થવાની અપેક્ષા છે. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ તેમના માનમાં ભોજન સમારંભનું આયોજન કરશે.

. . . . . . . . . . . . .

# FUR. REV. INDIA-RUSSIA- DEFENCE

સંરક્ષણ મંત્રી રાજનાથ સિંઘે કહ્યું, વૈશ્વિક અનિશ્ચિતતા છતાં ભારત-રશિયા સંબંધો વધુ ગાઢ બની રહ્યા છે, તેમણે રશિયાને ભારતનું સમય પરિક્ષિત વિશેષ અને વ્યૂહાત્મક ભાગીદાર ગણાવ્યું. તેમણે નવી દિલ્હીમાં તેમના રશિયન સમકક્ષ આન્દ્રે બેલોસોવ સાથે લશ્કરી અને લશ્કરી તકનીકી સહકાર પર 22મી ભારત-રશિયા આંતર-સરકારી આયોગની મંત્રીસ્તરીય બેઠકના સહ-અધ્યક્ષતા કરતા આ મુજબ જણાવ્યું હતું.

શ્રી સિંઘે ઉમેર્યું, વર્ષ 2000 માં ભારત-રશિયા વ્યૂહાત્મક ભાગીદારી ઘોષણાપત્ર પર હસ્તાક્ષર થયા પછી, બંને દેશો વચ્ચે દ્વિપક્ષીય સંરક્ષણ સહયોગ નોંધપાત્ર રીતે વધ્યો છે. તેમણે ઉમેર્યું કે ભારત રશિયાના નેતૃત્વ હેઠળના યુરેશિયન ઇકોનોમિક યુનિયન સાથે મુક્ત વેપાર કરાર (FTA) માટે વાટાઘાટો શરૂ કરવાનું પણ સ્વાગત કરે છે.

(બાઇટ : RAJNATH-SINGH)

. . . . . . . . . . . . .

# GOYAL- INDIA RUSSIA FORUM

વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પીયૂષ ગોયલે જણાવ્યું કે ભારત-રશિયાનો સંબંધ, જેને એક વિશેષ વ્યૂહાત્મક ભાગીદારી તરીકે સન્માનિત કરાયો છે, તે સમયની કસોટી પર પહોંચેલો અને સ્થિતિસ્થાપક છે. નવી દિલ્હીમાં ભારત-રશિયા વેપાર મંચને સંબોધતા શ્રી ગોયલે કહ્યું કે આ સંબંધ બદલાતી દુનિયાની અનિશ્ચિતતાઓને સહન કરીને દાયકાઓથી ચાલતી અતૂટ એકતાનો પુરાવો છે. તેમણે જણાવ્યું હતું કે ભારત વિશ્વ માટે એક વિશ્વસનીય અને ભવિષ્યલક્ષી ભાગીદાર છે, જે વેપારને વિસ્તૃત કરવા માટે કામ કરે છે, આર્થિક ભાગીદારીને વધારવા માટે માળખાગત પરિસ્થિતિઓ બનાવે છે.

. . . . . . . . . . . . .

# FUR REV RS - CENTRAL EXCISE

સંસદમાં આજે કેન્દ્રીય આબકારી જકાત સુધારા ખરડો, 2025 પસાર થયો. આજે રાજ્યસભાએ તેને મંજૂરી આપી અને તેને લોકસભામાં પરત મોકલ્યું. આ ખરડાનો હેતુ કેન્દ્રીય આબકારી જકાત અધિનિયમ, 1944 માં સુધારો કરવાનો છે, ખાસ કરીને સિગારેટ, સિગાર, હુક્કા તમાકુ, જરદા અને સુગંધિત તમાકુ જેવા તમાકુ ઉત્પાદનો પર આબકારી જકાત અને ઉપકર વધારવાનો છે. ઉપકર સમાપ્ત થયા પછી કરવેરાના જોખમને સુરક્ષિત રાખવા માટે સરકારને તમાકુ અને તમાકુ ઉત્પાદનો પર કેન્દ્રીય આબકારી જકાતના દરમાં વધારો કરવા માટે આ સુધારાની જરૂર છે. રાજ્યસભામાં નાણા રાજ્યમંત્રી પંકજ ચૌધરીએ આ ખરડો રજૂ કર્યો.

. . . . . . . . . . . . .

# LS - HEALTH SECURITY CESS

લોકસભામાં આરોગ્ય સુરક્ષા અને રાષ્ટ્રીય સુરક્ષા ઉપકર ખરડો, 2025 વિચારણા અને પસાર કરવા માટે રજૂ કરાયો છે. આ ખરડાનો ઉદ્દેશ પાન મસાલાના ઉત્પાદન પર ઉપકર લાદવા સાથે આરોગ્ય અને રાષ્ટ્રીય સુરક્ષા માટે ભંડોળ વધારવાનો છે. ખરડો રજૂ કરતાં નાણાં મંત્રી નિર્મલા સીતારમણે જણાવ્યું હતું કે, સેસ કોઈપણ આવશ્યક ચીજવસ્તુઓ પર નહીં પરંતુ ફક્ત ખામીયુક્ત ચીજવસ્તુઓ પર લાદવામાં આવશે, જે નોંધપાત્ર આરોગ્ય જોખમો સાથે સંકળાયેલા છે. તેમણે ભાર મૂક્યો કે પાન મસાલા જેવી ખામીયુક્ત ચીજવસ્તુઓ નોંધપાત્ર આરોગ્ય જોખમો સાથે સંકળાયેલી છે અને તેથી સરકાર તેના ઉપયોગને ઘટાડવા માટે સેસ લાદવા જઈ રહી છે. તેમણે કહ્યું કે, 40 ટકા GST ઉપરાંત, પાન મસાલા એકમોની ઉત્પાદન ક્ષમતા પર આરોગ્ય અને રાષ્ટ્રીય સુરક્ષા ઉપકર વસૂલવામાં આવશે.

. . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# LS – DRONES

સરકારે ૭૦ ટકા હવાઈ વિસ્તારને ગ્રીન ઝોન તરીકે જાહેર કર્યો છે જ્યાં કોઈપણ પરવાનગી વિના ડ્રોન સંચાલન કરી શકાય છે. નાગરિક ઉડ્ડયન રાજ્ય મંત્રી મુરલીધર મોહોલે આજે લોકસભામાં એક પ્રશ્નના લેખિત જવાબમાં કહ્યું કે, યલો ઝોનમાં ડ્રોન ચલાવવા માટે સંબંધિત એર ટ્રાફિક કંટ્રોલની પરવાનગી જરૂરી છે. શ્રી મોહોલે જણાવ્યું કે, મંત્રાલયે દેશના ડ્રોન ઉત્પાદન ક્ષેત્રને પ્રોત્સાહન આપવા માટે વિવિધ પહેલ પણ હાથ ધરી છે.

તેમણે માહિતી આપી કે સરકારે દેશમાં ડ્રોન અને ડ્રોનના ઘટકોના ઉત્પાદનને પ્રોત્સાહન આપવા માટે 2021-22 થી 2023-24 દરમિયાન ઉત્પાદન સાથે જોડાયેલ પ્રોત્સાહન યોજના લાગુ કરી છે.

. . . . . . . . . . . . .

# LS - AIRPORT

દેશમાં કાર્યરત હવાઈમથકની સંખ્યા છેલ્લા 11 વર્ષમાં 74 થી 164 થઈ છે. નાગરિક ઉડ્ડયન રાજ્ય મંત્રી મુરલીધર મોહોલે આજે લોકસભામાં એક પ્રશ્નના લેખિત જવાબમાં આ મુજબ જણાવ્યું હતું. તેમણે કહ્યું કે, દેશના ઉડ્ડયન ઉદ્યોગમાં છેલ્લા દાયકામાં નોંધપાત્ર વૃદ્ધિ થઈ છે. મંત્રીએ માહિતી આપી કે વર્ષ 2016માં શરૂ કરાયેલ પ્રાદેશિક જોડાણ યોજના-ઉડે દેશ કા આમ નાગરિકે પ્રાદેશિક હવાઈ જોડાણમાં વધારો કર્યો છે અને હવાઈ મુસાફરીને સસ્તી બનાવી છે. શ્રી મોહોલે જણાવ્યું હતું કે, 2024-25 દરમિયાન કુલ 24 કરોડ મુસાફરોએ સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય ફ્લાઇટ્સ દ્વારા મુસાફરી કરી છે.

. . . . . . . . . . . . .

# RS- COURTS AGE

કેન્દ્રીય કાયદા અને ન્યાય મંત્રી અર્જુન રામ મેઘવાલે જણાવ્યું કે અદાલતમાં ન્યાયાધીશોની નિવૃત્તિ વય વધારવા અંગે સરકાર પાસે કોઈ પ્રસ્તાવ વિચારણા હેઠળ નથી. રાજ્યસભામાં પૂરક પ્રશ્નોના જવાબ આપતા શ્રી મેઘવાલે જણાવ્યું હતું કે, હાલમાં સર્વોચ્ચ અદાલતમાં ન્યાયાધીશોની નિવૃત્તિ વય 65 વર્ષ, વડી અદાલતમાં 62 વર્ષ જ્યારે અન્ય અદાલતમાં નિવૃત્તિ વય 60 વર્ષ નક્કી કરવામાં આવી છે.

. . . . . . . . . . . . . .

# RS- TRAFFICKING

વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકરે રાજ્યસભામાં માહિતી આપી કે રાષ્ટ્રીય તપાસ સંસ્થા- NIA એ 27 માનવ તસ્કરીના કેસ નોંધી તપાસ કરી છે જેના પરિણામે 169 લોકોની ધરપકડ કરવામાં આવી છે અને 132 વ્યક્તિઓ સામે ચાર્જશીટ દાખલ કરવામાં આવી છે. ગૃહમાં પૂરક પ્રશ્નોના જવાબ આપતા ડૉ. જયશંકરે જણાવ્યું કે આ ઉપરાંત, NIA એ ઓગસ્ટમાં હરિયાણા અને પંજાબમાંથી બે મુખ્ય તસ્કરો અને આ વર્ષે ઓક્ટોબરમાં હિમાચલ પ્રદેશમાંથી બે વધુ વ્યક્તિઓની ધરપકડ કરી હતી.

. . . . . . . . . . . . .

# SC-SIR DRIVE

સર્વોચ્ચ અદાલતે આજે અનેક રાજ્યોમાં ચૂંટણી પંચ દ્વારા ચાલી રહેલા વિશેષ સઘન સુધારણા SIRની કામગીરીમાં રોકાયેલા બૂથ સ્તરના અધિકારી-BLO પર કામનો ભાર ઓછો કરવા માટે અનેક નિર્દેશો જાહેર કર્યા છે. BLO દ્વારા કામના દબાણનો સામનો કરવામાં આવી રહ્યો હોવાના આક્ષેપ કરતી અરજીની નોંધ લેતા,

સર્વોચ્ચ અદાલતે રાજ્ય સરકારોને તેમના કામના કલાકો ઘટાડવા માટે વધારાના કર્મચારીઓની નિમણૂક કરવાનો નિર્દેશ આપ્યો. ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ, સૂર્યકાંત અને ન્યાયાધીશ જોયમલ્યા બાગચીની ખંડપીઠે અવલોકન કર્યું કે રાજ્ય સરકારો અને રાજ્ય ચૂંટણી પંચ દ્વારા નિયુક્ત કરાયેલા કર્મચારીઓ આવી ફરજો બજાવવા માટે બંધાયેલા છે, જ્યારે ઉમેર્યું કે જ્યારે પણ BLO મુશ્કેલીઓનો સામનો કરે છે ત્યારે રાજ્ય સરકારોએ હસ્તક્ષેપ કરવો જોઈએ.

. . . . . . . . . . . . .

# DAY IMD WEATHER

હવામાન વિભાગે આગામી ત્રણ દિવસ સુધી રાજસ્થાન, પંજાબ, ચંદીગઢ, હરિયાણા અને દિલ્હીમાં શીતલહેરની આગાહી કરી છે. હવામાન વિભાગ અનુસાર, શનિવાર સુધી હિમાચલ પ્રદેશ, આસામ, મેઘાલય, નાગાલેન્ડ, મણિપુર, મિઝોરમ, ત્રિપુરા અને ઓડિશામાં ગાઢ ધુમ્મસ છવાઈ રહેવાની શક્યતા છે. હવામાન સંસ્થા એવી પણ માહિતી આપી છે કે દક્ષિણ કર્ણાટક, પુડુચેરી, કરાઈકલ, તમિલનાડુ, કેરળ અને માહેમાં આવતીકાલે ભારે વરસાદની આગાહી છે. આજે દક્ષિણ ભારતના રાજ્યોમાં વીજળી સાથે વાવાઝોડાની આગાહી પણ છે.

. . . . . . . . . . . . .

. . . . . . . . . . . . . .